દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે પર અકસ્માતમાં PSI સહિત ૩નાં મોત

મનુબર પાસે થયેલા અકસ્માતમાં મોતને ભેટનાર પીએસઆઇ વડોદરા ક્રાઇમ બ્રાંચમાં ફરજ બજાવતા હતા

ટ્રકની પાછળ કાર ભટકાયા બાદ બીજા વાહન સાથે અથડાઇ હતી, કારનો કચ્ચરઘાણ નીકળી ગયો

ભરૂચઃ ભરૂચના મનુબર ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કાર અને આઈશર ટ્રક વચ્ચે થયેલા માર્ગ અકસ્માતમાં વડોદરા પોલીસની ક્રાઈમ બ્રાન્ચમાં તૈનાત પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિત ત્રણ લોકોના મોત નીપજ્યાં હતાં. આ ગંભીર અકસ્માતમાં અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી છે, જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વડોદરાથી ભરૂચ તરફ જઈ રહેલી કાર ટ્રક સાથે અથડાઈ ત્યારે આ ઘટના સર્જાઈ હતી. અકસ્માતની ગંભીરતા એટલી બધી હતી કે કાર સંપૂર્ણપણે કડડભૂસ થઈ ગઈ હતી. અકસ્માતમાં જીવ ગુમાવનારા મૃતકોની ઓળખ વડોદરા ડીસીબીમાં તૈનાત પીએસઆઈ યશ પટેલ, મહેસાણાના રહેવાસી 27 વર્ષીય પાર્થ પટેલ અને 28 વર્ષીય અસ્ફાક મોમીન તરીકે થઈ છે. ત્રણેયનાં ઘટના સ્થળે જ મોત થયાં હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ અકસ્માત સર્જાયો ત્યારે કારમાં સવાર લોકો ભરૂચ જઈ રહ્યા હતા. કાર પાછળથી ટ્રક સાથે અથડાઈ હતી અને ત્યારબાદ બીજા વાહન સાથે અથડાઈ હતી. જેના કારણે કાર પલટી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ઘાયલ થયેલી વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. અકસ્માતની માહિતી મળતાં જ સ્થાનિક તાલુકા પોલીસની એક ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા અને પોલીસે અકસ્માત અંગે તપાસ શરૂ કરી છે. ટ્રકચાલક ઘટના સ્થળે વાહન છોડીને ભાગી ગયો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા માટે પ્રયાસો હાથ ધર્યા છે.

લાજપોર જેલમાં બહારની એજન્સીઓ મોબાઇલ પકડે પછી જ જેલ પ્રશાસન જાગે

છેલ્લા ૧૫ દિવસથી પ્રતિબંધિત મોબાઇલ મળવાનો સિલસિલો યથાવત્

વધુ ચાર ફોન પાણીની પાઇપલાઇનમાંથી મળતાં આંતરિક સુરક્ષા સામે સવાલો

સુરતઃ રાજ્યની આધુનિક ગણાતી સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાં બહારની એજન્સીની ઝુંબેશ દરમિયાન મોબાઈલ ફોન પકડાયા બાદ જ જેલ પ્રશાસન દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાતું હોવાની સ્થિતિ સામે આવી છે. બે દિવસ અગાઉ વડોદરા ઝોનના જેલ આઈ.જી.ની ઝુંબેશ હેઠળ આવેલી ઝડતી સ્ક્વોડે લાજપોર જેલમાં ચેકિંગ દરમિયાન એક મોબાઈલ ફોન અને ચાર્જર કબજે કર્યો હતા. આ કાર્યવાહી બાદ સ્થાનિક જેલ પ્રશાસનની ઝડતી સ્ક્વોડે પણ સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધર્યું હતું. દરમિયાન યાર્ડ નંબર બી/૧ની બહાર દીવાલ પર આવેલી પાણીની પાઈપલાઇનમાં પ્લાસ્ટિકની થેલીમાં સંતાડેલા વધુ ચાર મોબાઈલ ફોન મળી આવ્યા હતા. ટૂંકા ગાળામાં પ્રતિબંધિત મોબાઇલ મળવાની ઘટનાઓએ જેલની સુરક્ષા અને નિયમિત તપાસની કામગીરી અંગે પ્રશ્નો ઊભા કર્યા છે.

છુપાવવાનાં સ્થળો જાણીતાં છતાં મોબાઇલ કેવી રીતે પહોંચે છે?

જેલની અંદર ટોઇલેટ-બાથરૂમની વેન્ટિલેશન બારીઓ, બેરેકની વેન્ટિલેશન બારીઓ, ગટરની કુંડીઓ, પાણીની પાઇપલાઇનની આસપાસ તથા બિસ્તરામાંથી અગાઉ પણ પ્રતિબંધિત વસ્તુઓ મળી આવતી હોવાની વિગતો સામે આવી છે. આમ, મોબાઇલ છુપાવવાની સંભવિત જગ્યાઓ જાણીતી હોવા છતાં વારંવાર ફોન મળી આવવા એ નિયમિત ચેકિંગની અસરકારકતા અંગે સવાલ ઊભા કરે છે. બહારની એજન્સીઓની તપાસમાં પ્રતિબંધિત ફોન પકડાયા બાદ જ સ્થાનિક તંત્ર સક્રિય થતું હોય તેવી છાપ દૂર કરવા માટે જેલ પ્રશાસને પારદર્શક અને પરિણામલક્ષી કાર્યવાહી કરવી પડશે.

૫ હજારના કેયડા મોબાઇલ જેલમાં 50 હજારનો!

કેદીઓમાં 'કેયડા' કંપનીના મોબાઇલ હોટ ફેવરિટ હોવાનું મનાય છે. બજારમાં આશરે રૂ.૫ હજારની કિંમત ધરાવતા આ મોબાઇલ જેલમાં પહોંચ્યા બાદ રૂ.૫૦ હજાર સુધીની કિંમતે વેચાતા હોવાની ચર્ચા છે. એટલું જ નહીં, તેના ચાર્જરની કિંમત પણ સામાન્ય કિંમત કરતાં ચાર ગણી વસૂલાતી હોવાનું જાણવા મળ્યું છે. અત્યાર સુધી જેલમાંથી પકડાયેલા મોબાઇલ કોણે અને ક્યાંથી ખરીદ્યા હતા તેની કડી શોધવામાં તેમજ તેમના કોલ ડિટેઇલ્સના આધારે તપાસને આગળ વધારવામાં સંબંધિત પોલીસ સફળ રહી ન હોવાના કારણે આવા મોબાઇલના જેલમાં ઉપયોગ પર અસરકારક અંકુશ આવી શક્યો નથી.

ઉત્રાણ સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગનું કામ પૂર્ણ

20-રૂટની જૂની સિસ્ટમ હટાવી 55-રૂટની K5D સિસ્ટમ લગાવાઇ

સુરતઃ સુરતના સેટેલાઇટ સ્ટેશન તરીકે વિકસી રહેલા ઉત્રાણ સ્ટેશન પર 19 ઓક્ટોબરે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગનું સફળ કમિશનિંગ કરાયું છે. DRM રાજુ ભડકેએ જણાવ્યું કે, ખૂબ ઓછા સમયમાં સુરક્ષાનું આ મહત્ત્વનું કામ પૂર્ણ કરાયું છે. જૂની 20-રૂટ પેનલ સિસ્ટમને બદલી આધુનિક 55-રૂટવાળી Kyosan K5D સિસ્ટમ લગાવાઈ છે, જેનાથી સ્ટેશનની ક્ષમતા અને સુરક્ષા વધશે. આ સિસ્ટમથી ઉત્રાણની ટ્રેન હેન્ડલ કરવાની ક્ષમતા બમણી થશે. એક સાથે વધુ ટ્રેનોનું સંચાલન થઈ શકશે, સુરક્ષા અને સિગ્નલિંગ વધુ વિશ્વસનીય બનશે. સ્ટેશનને ૪માંથી ૫ લાઇનનું કરાયું છે. આ હેઠળ યાર્ડમાં ડ્યુઅલ ડિટેક્શન, 32 ટ્રેક પર MSDAC+DCTC, તાપી બ્રિજ પર ડ્યુઅલ MSDAC, ડબલ OFCથી ઇન્ટર કેબિન કોમ્યુનિકેશન, ક્રોસ પ્રોટેક્શન, નવી IPS અને કવચ સિસ્ટમમાં ફેરફાર કરાયા છે. સુરત-ઉત્રાણ-કોસાડ સેક્શનની જૂની AFTC પણ બદલાઈ છે. PRO અનુભવ સક્સેનાના જણાવ્યા મુજબ 2 નવેમ્બર સુધીમાં અહીંથી હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ થશે.

GTPLના મેનેજરે મિત્ર કર્મીના નામે ક્રેડિટ કાર્ડ, PF વાપરી નાંખ્યું

રૂ.4.63 લાખની છેતરપિંડીની અઠવા પોલીસમાં ફરિયાદ નોંધાઇ

સુરતઃ નાનપુરા GTPL ઓફિસના મેનેજરે મિત્ર કર્મચારીના ક્રેડિટ કાર્ડનો દુરુપયોગ કરી, તેના નામે લોન મેળવી અને PFનાં નાણાં પણ પડાવી લીધાં હતાં..

ફરીયાદી મોહમદ સોહેલ અબ્દુલ મજીદ શેખ (ઉં.વ.૩૮, રહે., ગોરધનવાડ, નાનપુરા, સુરત) સગરામપુરા કૈલાશનગર સામે આવેલી જીટીપીએલની ઓફિસમાં નોકરી કરે છે. આ જ ઓફિસમાં સંકેતકુમાર સહદેવભાઈ ચૌધરી (રહે., કસાલ ગામ, માંડવી, સુરત) મેનેજર તરીકે નોકરી કરતા હોવાથી બંને વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ હતી. આજથી આશરે બે વર્ષ પહેલાં આરોપી સંકેતકુમારે માતા બીમાર હોવાનું અને ક્રેડિટ કાર્ડ બ્લોક થઈ ગયાનું જણાવી ફરિયાદીનું એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેંકનું ક્રેડિટ કાર્ડ મેળવી લીધું હતું. જુલાઈ ૨૦૨૪માં આર્થિક સ્થિતિ સારી ન હોવાનું કહી ફરિયાદીના નામે એસ.એમ.એફ.જી. અડાજણ ખાતેથી ૧,૪૯,૩૪૦ રૂપિયાની લોન અપાવી હતી અને તેમાંથી મોટો રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. ઓગસ્ટ ૨૦૨૫માં ચોલા મંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપનીમાંથી ફરિયાદીની જાણ બહાર અને તેમના જ દસ્તાવેજોનો દુરુપયોગ કરીને ૩,૦૪,૮૭૫ રૂપિયાની પર્સનલ લોન મેળવી લીધી હતી. આ ઉપરાંત, ફરિયાદીના પ્રોવિડન્ડ ફંડના નાણાંમાંથી પણ લોન ભરપાઈ કરવાના બહાને ૪૯,૦૦૦ રૂપિયા મેળવી લીધા હતા. આમ કુલ ૪,૬૩,૬૧૮ રૂપિયા પરત ન આપી આરોપી સંકેતકુમાર ચૌધરીએ વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરતા મામલો અઠવા પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે સંકેતકુમાર ચૌધરી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મા-બાપને ઘરમાંથી કાઢવાની ના પાડતા પતિ પર પત્ની, સાળી, ભાભીનો હુમલો

જાહેરમાં લાકડી, પથ્થરથી માર મરાયો, પત્નીએ હોઠ પર બચકું ભરી લેતાં લોહીલુહાણ

ચારેય મહિલા સામે અડાજણ પોલીસ મથકે ગુનો નોંધાયો

સુરતઃ અડાજણ વિસ્તારમાં માતા-પિતાને ઘરની બહાર કાઢી મૂકવાની ના પાડતા ઉશ્કેરાયેલી પત્નીએ સાળી તથા ભાભીઓ સાથે મળીને પોતાના પતિ પર જાહેરમાં લાકડાના ફટકા અને પથ્થરો વડે ઘાતક હુમલો કર્યો હતો. પત્નીએ પતિના હોઠના ભાગે બચકું પણ ભરી લીધું હતું.

પાંડેસરા હરીઓમ નગર (રહે., 230, હરીઓમ નગર, શિવમ નગરની બાજુમાં) ખાતે રહેતા રાજુભાઇ સંજયભાઇ જયસ્વાલ (ઉં.વ.૩૧) પોતાના માતા-પિતા સાથે રહે છે અને અડાજણ પ્રેસિડેન્ટ સર્કલ ખાતે ફૂટપાથ પર મોજા વેચવાનો ધંધો કરે છે. રાજુભાઈના લગ્ન ૨૦૧૯માં નેહા (ઉં.વ.૨૬) સાથે થયા હતા. લગ્ન બાદથી નેહા મરજી મુજબ સાસરે આવતી-જતી હતી. તા. ૧૭/૧૨/૨૦૨૬ ના રોજ નેહા સાસરે આવી હતી અને રાજુભાઈને 'તારા મા-બાપને અહીંથી કાઢી મૂક, આપણે બંને જ એકલા રહીશું' તેમ કહ્યું હતું. પરંતુ રાજુભાઈએ 'હું મારા મા-બાપને ઘર બહાર નહીં કાઢું, તારે રહેવું હોય તો રહે' તેમ સ્પષ્ટ ના પાડી દીધી હતી. જેથી ઉશ્કેરાયેલી નેહા પોતાનો સામાન લઈને ત્યાંથી નીકળી ગઈ હતી. ત્યારબાદ રાજુભાઈ અડાજણ પ્રેસિડેન્ટ સર્કલ ખાતે પોતાની લારી પર કામ કરી રહ્યા હતા. બપોરે પત્ની નેહા, તેની બહેન પૂજા આશીષ જયસ્વાલ તથા તેની બે ભાભીઓ પ્રતીભા વિજય જયસ્વાલ અને પ્રીયા રાજ જયસ્વાલ (તમામ રહે., ૮૦, હીરા નગર, પાંડેસરા હાઉસિંગ, સુરત) ત્યાં આવી પહોંચી હતી. કંઈપણ કહ્યા વગર ચારેય મહિલાઓએ રાજુભાઈ સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી. નેહાએ પોતાના હાથમાં રહેલા લાકડાના ફટકા વડે રાજુભાઈને શરીરે માર માર્યો હતો અને તેમના હોઠના ભાગે બચકું ભરી લીધું હતું. તે જ સમયે સાળી પૂજાએ નેહાના હાથમાંથી લાકડીનો ફટકો આંચકી રાજુભાઈના માથામાં મારી દીધો હતો. ત્યારબાદ ભાભી પ્રીયાએ માથામાં પથ્થર અને પ્રતીભાએ પીઠના ભાગે પથ્થર મારી રાજુભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બનાવ બાદ ચારેય મહિલાઓ ત્યાંથી નાસી છૂટી હતી. ઈજાગ્રસ્ત રાજુભાઈએ હોસ્પિટલમાં સારવાર મેળવ્યા બાદ અડાજણ પોલીસ સ્ટેશનમાં ચારેય મહિલાઓ વિરુદ્ધ ગુનો નોંધાવતા પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

સુરત રેલવે સ્ટેશનની નવી પાર્સલ ઓફિસ પાસેથી દારૂની હેરફેર

પાર્સલ ઓફિસ પાસે પોલીસ ચોકી કેમ ઊભી કરાતી નથી?, જ્યાં જૂજ ટ્રેનોની અવરજવર છે ત્યાં પ્લેટફોર્મ નં. 4 પર કેમ પોલીસ ચોકી?

સુરતઃ સુરત રેલવે સ્ટેશનની નવી પાર્સલ ઓફિસ પાસે રોજ લાખો રૂપિયાના માલની હેરફેર થાય છે છતાં ત્યાં કોઈ સુરક્ષા વ્યવસ્થા જ નથી. બીજી તરફ જીઆરપી દ્વારા પ્લેટફોર્મ નં. 4 પર પોલીસ ચોકી ઊભી કરવામાં આવી છે, જ્યાં ખરેખર પાર્સલ ઓફિસ નથી અને જૂજ ટ્રેનોની જ અવરજવર થાય છે. વળી એ ચોકી પર પોલીસ ચોકી હોવા અંગેનું કોઈ બોર્ડ કે બેનર પણ મુક્યું નથી. ત્યારે સવાલ ઊઠે છે કે જ્યાં રોજ લાખો રૂપિયાની માલની હેરફેર થાય છે, તેવી નવી પાર્સલ ઓફિસ પાસે પોલીસ ચોકી કેમ ઊભી કરાતી નથી? પોલીસ ચોકી ન હોવાના કારણે અહીંથી રોજ હજારો પેટી દારૂની હેરફેર થતી હોવાના અહેવાલો મળ્યા છે.

ZRUCCના પૂર્વ મેમ્બર કલ્પેશ બારોટે પશ્ચિમ રેલવે બરોડા ડિવિઝનના એસપીને ફરિયાદ કરી છે. બારોટનું કહેવું છે કે જો નવી પાર્સલ ઓફિસ તેમજ પ્લેટફોર્મ નં. 1 નજીકના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવે તો ખ્યાલ આવશે કે જીઆરપી, એલસીબી, આરપીએફ તેમજ આરપીએફ ક્રાઈમના મેળાપીપણામાં કેવું નેટવર્ક ગોઠવીને દારૂની હેરફેરને ખુલ્લી છૂટ આપવામાં આવી છે. ખાસ કરીને દારૂની હેરફેર જૂની પાર્સલ ઓફિસ તેમજ નવી પાર્સલ ઓફિસ નજીકથી જ થાય છે. આ સાથે બારોટે માંગ કરી છે કે સુરત એલસીબીની જેમ જ નવી પાર્સલ ઓફિસ ખાતે પણ હંગામી ધોરણે કેબિન ટાઈપની પોલીસ ચોકી તાત્કાલિક મુકવામાં આવે.

અનુસંધાન... પાના છેલ્લાનું

ગુજરાતમાં 'સરપ્લસ...

છે. ૧૬ ઓક્ટોબરના રોજ દૈનિક વીજ વપરાશ ૫૭૪ મિલિયન યુનિટ નોંધાયો હતો (ગત વર્ષે આ જ સમયગાળામાં ૪૫૭ મિલિયન યુનિટ હતો), એટલે કે વપરાશમાં આશરે ૨૭ ટકાનો વધારો થયો છે.આ વધતી માંગને પહોંચી વળવા અને ભવિષ્યમાં વીજ સંકટ ન સર્જાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં નીચે મુજબના મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. જેમાં કેન્દ્રીય કોલસા મંત્રાલય દ્વારા નવેમ્બરથી રોજના ૧૩થી ૧૪ રેલવે રેક કોલસાનો પુરવઠો સુનિશ્ચિત કરવાની ખાતરી આપવામાં આવી છે. એનટીપીસીના ફરક્કા વીજ મથકમાંથી ૩૨૯ મેગાવોટ વીજળી ફાળવાઈ છે. આસામના હિસ્સામાંથી લાંબા ગાળા માટે ૫૫૧ મેગાવોટ વીજળી મળી છે. આગામી સમય માટે કેન્દ્ર સરકાર પાસેથી વધુ ૫,૦૦૦ મેગાવોટ વીજળી ફાળવવાની માંગણી કરવામાં આવી છે. સાંજના સમયે વીજ માંગને પહોંચી વળવા બેટરી સંગ્રહ ક્ષમતા વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે, જેના અંતર્ગત માર્ચ ૨૦૨૭ સુધીમાં ૫૦૦ મેગાવોટ ક્ષમતા કાર્યરત કરવાનો લક્ષ્યાંક છે. ઉકાઈ ખાતે ૮૦૦ મેગાવોટનો નવો થર્મલ વીજ પ્લાન્ટ નિર્માણાધીન છે (જે સપ્ટેમ્બર ૨૦૨૯થી કાર્યરત થશે), તેમજ સિનોર, વણાકબોરી અને ગાંધીનગર ખાતે પણ નવા પ્રોજેક્ટ્સ માટે પ્રક્રિયા ચાલી રહી છે. વધતી વીજ માંગ સામે નાગરિકોને અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે સરકાર સતત સક્રિય છે, પરંતુ આગામી સમયમાં પાવર ગ્રીડનું સંતુલન જાળવવું એ એક મોટો પડકાર બની રહ્યો છે.

સુરતમાં ચોક્કસ...

જવા પામી હતી. લઘુમતી સમાજના ટોચના ધર્મગુરુ સાથે સીધી રીતે સંકળાયેલા આ પવિત્ર ધાર્મિક સ્થળ પર આવી કાળી કરતૂત આચરાઈ હોવાની વિગતો બહાર આવતાં લોકોમાં ભારે આક્રોશ અને ચર્ચાનો વંટોળ ઊભો થયો છે. જોકે, મોડેથી પોલીસે એવું કહ્યું હતું કે આ પ્રકરણમાં ગેરસમજ હતી અને સમાધાન થઈ ગયું છે. જોકે, ગેરસમજ હતી તો પછી સમાધાન શા માટે કરવું પડ્યું? તે ચર્ચાનો વિષય બન્યો છે.

પ્રાથમિક સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, એક જાણીતી ઓનલાઇન ફૂડ ડિલિવરી કંપનીમાં ડિલિવરી બોય તરીકે કામ કરતા યુવકે માનસિક રીતે અર્ધવિક્ષિપ્ત જેવી હાલતમાં ફરતી અસહાય યુવતીને કોઈક રીતે ધાર્મિક સ્થળના પહેલા માળે લઈ જઈ તેની લાજ લૂંટી હતી. ધાર્મિક સ્થળને આ રીતે અપવિત્ર કરી આચરવામાં આવેલા આ જઘન્ય કૃત્યને પગલે સ્થાનિક રહીશો અને સમાજના અગ્રણીઓમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. આ મામલો બહાર આવતાં જ વિવિધ જૂથોમાં વિવાદના ભડકા જેવી સ્થિતિ સર્જાઈ હતી. મંગળવારે સાંજે આશરે 7:00 વાગ્યાના સુમારે આ સમગ્ર પ્રકરણ કોટ વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશને પહોંચ્યું હતું. ધાર્મિક લાગણીઓ જોડાયેલી હોવાથી તેમજ લઘુમતી સમાજના મોભાદાર ધર્મગુરુઓ સાથે સંલગ્ન ધાર્મિક સ્થળનું સ્થળ હોવાને કારણે મામલાની સંવેદનશીલતા અત્યંત વધી ગઈ હતી. બનાવની ગંભીરતાને પારખીને સુરત શહેર પોલીસ કમિશનરે તુરંત મામલો પોતાના સીધા સુપરવિઝન હેઠળ લીધો હોવાનું જાણવા મળ્યું હતું.

આગલે દિવસે...

કતારો જામી હતી. ભીડને પહોંચી વળવા કેટલીક દુકાનોમાં ટોકન સિસ્ટમ અને લાઇવ ઉત્પાદનની વ્યવસ્થા કરાઈ હતી. ફાફડા-જલેબી ઉપરાંત મીઠાઈઓની ખરીદીમાં પણ દશેરાના પર્વે તેજી જોવા મળી રહી છે. આમ, ભાવવધારા છતાં સુરતીઓની પરંપરાગત સ્વાદપ્રિયતાએ ફરસાણ અને મીઠાઈ બજારમાં તહેવારનો માહોલ જમાવ્યો હતો.

જ્વેલરી બજારમાં...

કરોડની આસપાસ રહ્યો હતો. વેપારીઓ માટે તહેવારનો માહોલ સકારાત્મક રહ્યો હોવા છતાં ગ્રાહકોએ બજેટને ધ્યાનમાં રાખીને ખરીદી કરી હતી. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન લિમિટેડ (IBJA) ના ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરના જણાવ્યા અનુસાર, સોના-ચાંદીના ભાવમાં અગાઉની ઊંચી સપાટી બાદ આવેલા ઘટાડા અને ભાવની સ્થિરતાને કારણે જ્વેલરી બજારમાં ગયા વર્ષની સરખામણીએ વધુ ખરીદીની આશા છે. દશેરાના શુભ મુહૂર્તમાં આગામી લગ્નસરા માટે ઘરેણાંના ઓર્ડર પણ નોંધાયા હતા. ગ્રાહકોએ દિવાળીના ધનતેરસ અને લાભપાંચમના શુભ દિવસોમાં ઘરેણાંની ડિલિવરી મેળવવા માટે બુકિંગ કરાવ્યું હતું. આથી તહેવારોની સાથે લગ્નસરાની માંગ પણ જ્વેલરી બજારને ટેકો આપે તેવી વેપારીઓની અપેક્ષા છે. જોકે, સોના-ચાંદીના ઊંચા ભાવ અને મધ્યમ વર્ગની ખરીદશક્તિ વચ્ચેનો તફાવત બજારની ખરીદીના પ્રમાણને અસર કરી રહ્યો છે. આગામી ધનતેરસ અને દિવાળીના દિવસોમાં ઘરેણાંની માંગ કેટલી વધે છે તેના પર જ્વેલરી વેપારીઓની નજર રહેશે.

આખી રાત...

પણ કલાકો સુધી પ્રયત્નો કર્યા પરંતુ સફળતા મળી ન હતી. બીજી તરફ માથામાં ફસાયેલા વાસણના કારણે નાનકડી બાળકી ભારે તકલીફમાં આવી ગઈ હતી અને રડી રહી હતી. છેવટે, પરિવારે ફાયર બ્રિગેડનો સંપર્ક કર્યો હતો. ઘટનાની ગંભીરતા જોઈને ફાયર ઓફિસર સંપત સુથાર પોતાની ટીમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. ફાયર વિભાગની ટીમે અત્યંત સાવચેતીપૂર્વક મોટા કટરનો ઉપયોગ કરીને બાળકીને સહેજ પણ ઈજા ન પહોંચે તે રીતે તપેલું કાપી નાખ્યું હતું અને બાળકીનું માથું સુરક્ષિત બહાર કાઢ્યું હતું. બાળકી હેમખેમ બહાર આવતા જ પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

ઘારીએ સામાજિક...

કોઈપણ જાતની મિલાવટ વગર શુદ્ધ ઘી અને ગુણવત્તા સાથે નોન-પ્રોફિટ કે રાહત દરે (આશરે રૂ. ૮૦૦ થી રૂ. ૧૦૦૦ પ્રતિ કિલોના ભાવે) સમાજના સભ્યો અને મિત્રવર્તુળ માટે ઘારી તૈયાર કરે છે.

વ્યવસાયિક ધોરણે...

દરે ઘારીના ઓર્ડર લેવામાં આવે છે.કિલોનો ભાવ પણ ૮૦૦થી ૧૦૦૦ રૂપીયાની આસપાસ રાખવામાં આવે છે. સુરતમાં શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી સ્વાશ્રય મહિલા પરિષદ, માળી સમાજ, વૈષ્ણવ સમાજ, મોઢ ઘાંચી સમાજ,પટની ઘાંચી સમાજના ગૃપ દ્વારા ચંદની પડવા નિમિત્તે ઘારી બનાવતાં હોય છે.

ઘારી બનાવવી...

મોટાપાયે ઘારી બનાવે છે. ખાસ કરીને ચંદની પડવા નિમિત્તે ઘારી બનાવવા માટેના સ્પેશિયાલિસ્ટ કંદોઈ ટીમને અગાઉથી જ બુક કરવામાં આવે છે કેમ કે ચંદની પડવા નિમિત્ત ઘારી બનાવનાર અલગ સ્પેશિયલ કારીગરોની ટીમ હોય છે. ખાસ કરીને ઘારી બનાવવી એ સ્કીલ છે. જેથી ઘારીના સ્પેશિયલ કારીગરોને ગ્રામિણ વિસ્તારમાંથી શોધીને લાવવા પડે છે. છેક મહારાષ્ટ્રથી પણ કારીગરો આ સમય દરમિયાન સુરતમાં આવે છે.

કોટ વિસ્તારમાં...

વિસ્તારમાં ઘણાં મહોલ્લામાં આખો મહોલ્લો ચંદની પડવા માટે ઘારી બનાવે છે. જે અંગે મહિધરપુરા ગુંદી શેરી મંડળનાં હેરિશ પટેલનાં જણાવ્યાં મુજબ ગુંદી શેરીનાં ૧૦૦ ઘરનાં લોકો ભેગા થઇ ચંદની પડવા નિમિત્તે ઘારી બનાવવાનાં કામમાં જોતરાઈ છે. આજ પ્રમાણે મહિધરપુરા, લાલદરવાજાના લીંબુ શેરી, મોતી શેરી, રતિપાર્ક સહિતની શેરીમાં લોકો સાથે મળીને ઘારી બનાવે છે. આ સાથે ઘણાં લોકો પોતાના ઘરે ઘરગથ્થું ઓર્ડરો લઈને ઘારી બનાવે છે.

વિશ્વમાં એક...

મહિલા મંડળો અને સોસાયટીઓમાં સામૂહિક ધોરણે એકસાથે સેંકડો અને હજારો કિલોના જથ્થામાં બનાવવામાં આવે છે. શરદ પૂનમ આવે એટલે સુરતના ખૂણે-ખૂણે ઘારી બનાવવાનો ધમધમાટ શરૂ થઈ જાય છે. સુરતના શેરી-મોહલ્લા, સમાજના ભવનો અને સોસાયટીના ક્લબ હાઉસ નાની-મોટી 'મીઠાઈની ફેક્ટરી'માં ફેરવાઈ જાય છે. દુનિયાના કોઈ ખૂણે એક જ મીઠાઈ મેળાવડાના સ્વરૂપે, ટનબંધ જથ્થામાં, સામાન્ય લોકો દ્વારા આટલી ઉત્સાહભેર બનાવવામાં આવતી નથી. આખી દુનિયામાં સુરત જ એકમાત્ર એવું શહેર છે જ્યાં ચંદી પડવાના દિવસે એક જ દિવસમાં હજારો કિલો ઘારી ખાવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે ચંદી પડવાના દિવસે એકલા સુરતમાં એક લાખ કિલો ઘારી ખવાઈ જાય છે. સુરતીઓ માટે ઘારી એ માત્ર એક મીઠાઈ નથી, પરંતુ સુરતી કલ્ચર, સમૂહભાવના અને સ્વાદપ્રિયતાનું પ્રતીક છે. કંદોઈની દુકાનેથી શરૂ થયેલી આ મીઠાઈ આજે સમાજ અને સોસાયટીઓના આંગણે સામૂહિક રીતે બનીને 'સંગઠન અને સ્વાદ'નો શ્રેષ્ઠ સંદેશ આપે છે.

ચંદની પડવાનો તહેવાર અને ઘારીનો અદભૂત નાતો

સુરતમાં આસો મહિનાની પૂનમ પછી આવતી શરદ પૂનમના બીજા દિવસે ઉજવાતા 'ચંદની પડવા' પર્વે ઘારી ખાવાની પરંપરા અત્યંત લોકપ્રિય છે. આ દિવસે સુરતીઓ પોતાના પરિવારજનો અને મિત્રો સાથે ઘારી તથા ભૂસું ખાઈને ઉત્સવ મનાવે છે. લોકવાયકા મુજબ, ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન સુરતના દેવશંકર શુક્લ નામના હલવાઈએ આ મીઠાઈ બનાવી હોવાની માન્યતા છે, જેનો સંબંધ તાત્યા ટોપેના સૈનિકો સાથે પણ જોડાતો આવ્યો છે. સુરત આવનાર પ્રવાસીઓ પણ આ મીઠાઈનો સ્વાદ માણ્યા વગર ભાગ્યે જ પાછા ફરે છે.

સૌરાષ્ટ્રવાસી વિસ્તારમાં પણ ઘારીનો ક્રેઝ

વરાછા, કાપોદ્રા, કરંજ, પૂણા, કતારગામ, વેડરોડ સહિતના સુરતનાં સૌરાષ્ટ્રવાસી વિસ્તારમાં પણ ઘારીનો જબરદસ્ત ક્રેઝ જોવા મળે છે. આ વિસ્તારોમાં પણ સગાં સંબંધી, મિત્રોનાં ઓર્ડર મેળવીને ગૃપ, સં

નવરાત્રિથી દશેરાના...

શુભ માનવાની પરંપરાને કારણે વાહન બજારમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.વાહન ખરીદીની પ્રક્રિયામાં હવે નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. વાહનના રજિસ્ટ્રેશન, લોનની પ્રક્રિયા, નંબર પ્લેટ અને ડિલિવરીમાં સામાન્ય રીતે 10થી 12 દિવસનો સમય લાગતો હોવાથી ગ્રાહકો શ્રાદ્ધ પક્ષના પખવાડિયામાં જ બુકિંગ કરાવે છે. ત્યારબાદ નવરાત્રિના પ્રથમ નોરતાથી વિજયાદશમી સુધી વાહનોની ડિલિવરી લે છે. આ સમયગાળામાં પણ દશેરાના દિવસે સૌથી વધુ ડિલિવરી થતી હોવાનું વાહન બજારના પ્રવાહ પરથી જણાય છે. પરંપરાગત પેટ્રોલ, ડીઝલ અને CNG વાહનોનું વેચાણ 21,111 નોંધાયું હતું, જેની કિંમત અંદાજે રૂ.650 કરોડ થાય છે. બીજી તરફ ઇલેક્ટ્રિક વાહનોનું વેચાણ 1,005થી વધુ રહ્યું હતું અને તેનું અંદાજિત ટર્નઓવર રૂ.60 કરોડ હતું. આ આંકડા તહેવારો દરમિયાન પરંપરાગત વાહનોની સાથે ઇલેક્ટ્રિક વાહનો તરફ પણ ગ્રાહકોનું ધ્યાન વધી રહ્યું હોવાનો સંકેત આપે છે.

ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે 3192 વાહનો વધુ વેચાયા

ગયા વર્ષે નવરાત્રિ દરમિયાન સુરતમાં કુલ 18,908 વાહનોનું વેચાણ નોંધાયું હતું, જેમાં 18,035 પરંપરાગત વાહનો અને 873 ઈલેક્ટ્રિક વાહનોનો સમાવેશ થતો હતો. વિગતવાર માહિતી મુજબ, પરંપરાગત વાહનોના સેગમેન્ટમાં કુલ 14,135 ટુ-વ્હીલર, 2,660 ફોર-વ્હીલર (કાર) અને 1,240 અન્ય પરંપરાગત વાહનો વેચાયા હતા. સામે પક્ષે ઈલેક્ટ્રિક વાહનોની વાત કરીએ તો, તેમાં 670 ઈ-ટુ-વ્હીલર, 182 ઈ-ફોર-વ્હીલર અને 21 અન્ય ઈવી વાહનોનું વેચાણ થયું હતું. આ આંકડા દર્શાવે છે કે ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે 3192 વાહનો વધુ વેચાયા છે.

સોનગઢમાં ઈન્સ્ટા પર પોસ્ટ મુદ્દે હિન્દુ યુવકના ઘર પર પથ્થરમારો

ઇન્સ્ટાગ્રામ પર 'Mujeebur130' નામના યુઝરે ગરબાના પંડાલને લઈને વાંધાજનક કોમેન્ટ કરી હતી

જવાબમાં ગૌરવ ચૌધરી નામના યુવકે પણ કોમેન્ટ કરતાં ઘર પર પથ્થરમારો થયો

સોનગઢઃ સોનગઢમાં ઈન્સ્ટાગ્રામ પર થયેલી કોમેન્ટને લઈને બે જૂથ વચ્ચે તણાવની સ્થિતિ સર્જાઈ હતી. આ બનાવમાં 10થી વધુ મુસ્લિમ યુવકો નદી કિનારે આવેલા હિન્દુના ઘરે પહોંચી પથ્થરમારો કરતાં વાતાવરણ ઉગ્ર બની ગયું હતું.

મળતી વિગતો અનુસાર ઈન્સ્ટાગ્રામ પર 'Mujeebur130' નામના યુઝરે ગરબાના પંડાલને લઈને વાંધાજનક કોમેન્ટ કરી હતી. તેના જવાબમાં ગૌરવ ચૌધરીએ પણ મહમદને લઈ પ્રતિક્રિયા આપી હતી. ત્યારબાદ સોશિયલ મીડિયા પર બંને તરફથી ચર્ચા લાંબી ચાલી હતી. આ બાબતની અદાવત રાખી આશરે 10 જેટલા યુવકોએ સાંજે છ વાગ્યાની આસપાસ સોનગઢમાં મુસ્લિમ ફળિયામાં છેવાડે નદી કાંઠે આવેલા ગૌરવના ઘર પર ઈંટો અને પથ્થરોનો મારો કર્યો હતો. હુમલામાં સામેલ એક યુવકના શર્ટ ઉપર જસ્ટ ડુ ઇટ લખેલું હતું. ઘટનાની જાણ થતાં જ સોનગઢ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો. . કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

બીજી તરફ બનાવના વિરોધમાં સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે લોકોનું મોટું ટોળું એકત્ર થવા લાગ્યું હતું. સોશિયલ મીડિયા પરની કોમેન્ટથી શરૂ થયેલો વિવાદ હવે કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન બનતાં પોલીસ તંત્ર સતર્ક બન્યું છે.

હાલમાં બનાવ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાની સંપૂર્ણ હકીકત અને જવાબદારો અંગેની સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે.

વિજયાદશમીએ મુખ્યમંત્રી નિવાસે શસ્ત્રપૂજન: શસ્ત્ર અને શાસ્ત્રની રક્ષાનો સંદેશ

ગાંધીનગરઃ આજે વિજયાદશમીના પર્વે ગાંધીનગર સ્થિત મુખ્યમંત્રી નિવાસસ્થાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શાસ્ત્રોક્ત વિધિથી શસ્ત્રપૂજન કરીને ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરાને આગળ ધપાવી હતી. અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન દશેરાના પર્વે શસ્ત્રપૂજન દ્વારા તેમણે શસ્ત્ર અને શાસ્ત્રની રક્ષા તથા તેના મહત્ત્વનો સંદેશ આપ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શરૂ કરાવેલી આ પરંપરા આજે પણ શ્રદ્ધા અને કર્તવ્યનિષ્ઠાની ભાવના સાથે જાળવી રાખવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં પોતાની સુરક્ષા વ્યવસ્થામાં ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓનાં શસ્ત્રોનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યું હતું. આ પ્રસંગે તેમણે તમામ સુરક્ષાકર્મીઓને વિજયાદશમીની શુભકામનાઓ પાઠવી હતી.

પંજાબ નૈશનલ બૈંક ...ભરોસે કા પ્રતીક ! punjab national bank ...the name you can BANK upon !

એઆરએમબી શાખા : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩
ફોન નં. ૮૧૪૬૦૯૨૮૭૭ email ID: cs8323@pnb.bank.in

પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, એઆરએમબી, સુરત**, ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ ડિમાન્ડ નોટસની **તા.૧૮.૦૫.૨૦૨૩ ના કલમ ૧૩(૨) હેઠળ (તા.૩૧/૦૫/૨૦૨૩ ના રોજ પેપર પ્રકાશન દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે)** દેવાદાર **મેસર્સ જય અંબે ઈન્ડસ્ટ્રીઝના માલિક શ્રી પ્રમોદ ક્રિષ્ણા ચંદ શર્મા,** કોર્પોરેટ, જામીનદાર **મેસર્સ મારૂતી ટેક્ષટાઈલ (ભાગીદારી પેઢી) તેના ભાગીદાર શ્રી પ્રમોદ ક્રિષ્ણા ચંદ શર્મા અને શ્રી સુભાષ ક્રિષ્ણા શર્મા,** કોર્પોરેટ, જામીનદાર અને ગીરવેદાર **મેસર્સ મહાવીર ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદાર પેઢી- ભાગીદાર શ્રી સુભાષ ક્રિષ્ણા શર્મા અને શ્રી પ્રમોદ ક્રિષ્ણા ચંદ શર્મા)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧,૪૫,૦૭,૩૭૪.૬૦ (અંકે રૂા.એક કરોડ પીસ્તાલીસ લાખ સાત હજાર ત્રણસો ચુમ્મોતેર અને સાઠ પૈસા પુરા) તા.૩૦.૦૪.૨૦૨૩** ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ વગેરે આ નોટીસ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) એક્ટ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **૧૬મી ઓક્ટોબર સને ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, જામીનદાર અને ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૨,૨૨,૩૯,૩૨૨.૬૦/- (અંકે રૂા.બે કરોડ બાવીસ લાખ ઓગણચાલીસ હજાર ત્રણસો બાવીસ અને સાઠ પૈસા પુરા) તા.૩૦.૦૯.૨૦૨૬** ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ આજ સુધી નું સપુર્ણ રકમ ની ચુકવણી ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગ નં.ડી, ના ૧લા માળ નુ માપ આશરે ૪૬૦૫.૦૦ ચો.ફુટ અન.એ જમીનનો સર્વે નં.૩૭૫/૭ના પ્રમાણસર હિસ્સા સહિતની જમીન જે ગામ.કાચીગામ, નાની દમણ, દમણ ખાતે મેસર્સ મહાવીર ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, એક ભાગીદાર પેઢી **(ભાગીદાર-(૧) સુભાષ ક્રિષ્ણા શર્મા (૨) શ્રી પ્રમોદ ક્રિષ્ણા ચંદ શર્મા)** ના નામે આવેલ છે.

તારીખ : ૧૬/૧૦/૨૦૨૬ । સ્થળ : દમણ | અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

પંજાબ નૈશનલ બૈંક ...ભરોસે કા પ્રતીક ! punjab national bank ...the name you can BANK upon !

એઆરએમબી શાખા : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩
ફોન નં. ૮૧૪૬૦૯૨૮૭૭ email ID: cs8323@pnb.bank.in

પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, એઆરએમબી, સુરત**, ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ ડિમાન્ડ નોટસની **તા.૨૯.૦૫.૨૦૨૩ ના કલમ ૧૩(૨) હેઠળ (તા.૧૩/૦૬/૨૦૨૩ ના રોજ પેપર પ્રકાશન દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે)** દેવાદાર **મેસર્સ શિવ શક્તિ ટેક્ષટાઈલ માલિક શ્રી સુભાષ ક્રિષ્ણા શર્મા,** જામીનદાર **શ્રી પ્રમોદ ક્રિષ્ણા ચંદ શર્મા** જામીનદાર અને ગીરવેદાર **મેસર્સ મહાવીર ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદાર પેઢી- ભાગીદાર શ્રી સુભાષ ક્રિષ્ણા શર્મા અને શ્રી પ્રમોદ ક્રિષ્ણા ચંદ શર્મા)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧,૪૩,૫૪,૦૦૮.૧૭ (અંકે રૂા.એક કરોડ તેતાલીસ લાખ ચોપ્પન હજાર આઠ અને સત્તર પૈસા પુરા) તા.૩૦.૦૪.૨૦૨૩** ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ વગેરે આ નોટીસ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) એક્ટ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **૧૬મી ઓક્ટોબર સને ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, જામીનદાર અને ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૨,૧૯,૯૫,૬૮૧.૧૭/- (અંકે રૂા.બે કરોડ ઓગણીસ લાખ પંચાણું હજાર છસો એકયાંશી અને સત્તર પૈસા પુરા) તા.૩૦.૦૯.૨૦૨૬** ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ આજ સુધી નું સપુર્ણ રકમ ની ચુકવણી ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગ નં.ડી, ના ૧લા માળ નુ માપ આશરે ૪૬૦૫.૦૦ ચો.ફુટ એન.એ જમીનનો સર્વે નં.૩૭૫/૭ના પ્રમાણસર હિસ્સા સહિતની જમીન જે ગામ.કાચીગામ, નાની દમણ, દમણ ખાતે મેસર્સ મહાવીર ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, એક ભાગીદાર પેઢી **(ભાગીદાર-(૧) સુભાષ ક્રિષ્ણા શર્મા (૨) શ્રી પ્રમોદ ક્રિષ્ણા ચંદ શર્મા)** ના નામે આવેલ છે.

તારીખ : ૧૬/૧૦/૨૦૨૬ । સ્થળ : દમણ | અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક